મહેસાણા, અમદાવાદ, ગાંધીનગર, સુરત, પાટણ, બનાસકાંઠા, સાબરકાંઠા, અરવલ્લીમાં બહોળો ફેલાવો ધરાવતું એકમાત્ર નિષ્પક્ષ અખબાર

સત્ય એના પૂર્ણ સ્વરૂપમાં...

# ગરવી તાકાત

GARVI TAKAT DAILY દૈનિક

૦૮-૦૫-૨૦૨૬
શુક્રવાર

વર્ષ : ૧૨ ★ અંક નં : ૨૦
પેજ : ૪ ★ વિક્રમ સંવત : ૨૦૮૨

તંત્રી : પ્રકાશ આર. ચૌધરી

ગરવી તાકાત
હવે આંગળીના ટેરવે
તમારા ગામ કે શહેરના સમાચાર વાંચો વેબ પોર્ટલ ઉપર આંગળીના ટેરવે
Garvitakat.com
લિંક પર કલીક કરો અને તમારા ગામના કે શહેરના લેટેસ્ટ સમાચાર તથા ઈ-પેપર તમારા મોબાઈલમાં વાંચો

કાર્યાલય : ૬,અંબિકા કોમ્પ્લેક્ષ, ટી.બી. રોડ, ભમરિયાનાળા પાસે, મહેસાણા-૨ ● ફોન : ૦૨૭૬૨ ૨૪૨૨૦૧ ● મો : ૯૨૨૭૧ ૧૩૫૫૫ ● કિંમત રૂા.૩-૦૦ ● Email : garvitakat1511@gmail.com ● www : garvitakat.com • • RNI No. GUJGUJ/2015/61367




સોમનાથની દિવ્યતા અને ભવ્યતામાં યોગદાન આપો અને ગૌરવશાળી ઈતિહાસનો ભાગ બનો.
સ્કેન કરો.

# શ્રી આર. જે. પટેલ વિનય વિદ્યાવિહાર, આખજનું ધોરણ-૧૨ માં ૯૫.૯૨% ઝળહળતું પરિણામ

ગરવી તાકાત આખજ,

મહેસાણા તાલુકાની નામાંકિત શૈક્ષણિક સંસ્થા શ્રી આર. જે. પટેલ વિનય વિદ્યાવિહાર – આખજ દ્વારા ધોરણ-૧૨નું ઉત્કૃષ્ટ પરિણામ જાહેર કરવામાં આવ્યું છે. શાળાના વિદ્યાર્થીઓએ પોતાની મહેનત અને સંસ્થાના માર્ગદર્શન હેઠળ ઝળહળતી સફળતા પ્રાપ્ત કરીને શાળા તથા ગામનું નામ રોશન કર્યું છે.

## શાળાનું એકંદર પરિણામ ૯૫.૯૨% રહ્યું છે, જે સંસ્થાની શૈક્ષણિક ગુણવત્તાનો પુરાવો આપે છે.

**"વિદ્યાર્થીઓનું પરિણામ એ જ અમારી ઓળખ"**

આ પ્રસંગે શાળાના આચાર્ય શ્રી વિનોદભાઈ બી. પટેલે ખુશી વ્યક્ત કરતા જણાવ્યું હતું કે, ×વિદ્યાર્થીઓનું પરિણામ એ જ અમારી ઓળખ છે.× તેમણે વધુમાં ઉમેર્યું કે આ સફળતા પાછળ વિદ્યાર્થીઓની સખત મહેનત, શિક્ષકોનું સચોટ માર્ગદર્શન અને વાલીઓનો વિશ્વાસ રહેલો છે.

શ્રી નવયુવક પ્રગતિ મંડળ – આખજના પ્રમુખ શ્રી રસિકભાઈ એસ. પટેલ તેમજ શાળાના તમામ શિક્ષકગણ દ્વારા ઉત્તીર્ણ થયેલા તમામ વિદ્યાર્થીઓને પુષ્પગુચ્છ અને આશીર્વાદ આપી ભવિષ્ય માટે ખૂબ ખૂબ શુભેચ્છાઓ પાઠવવામાં આવી હતી.

## શાળાના તેજસ્વી તારલાઓ



ચાવડા ધ્રુવીબેન દિલીપજી
93% (651/700 )
PR.-99.53



વ્યાસ ક્રિશા વિષ્ણુભાઈ
પ્રથમ નંબર
૯૫.૬૭%



રબારી ક્રિષ્ના રાજુભાઈ
90.57% (634/700)
PR -98.67



ઠાકોર દેવિકા શૈલેષજી
દ્વિતીય નંબર
ટકા - ૯૫.૩૩%



ઠાકોર હેતલબેન કરસનજી
90.14% ( 631/700
PR - 98.47



રબારી હેપીબેન બળદેવભાઈ
તૃતીય નંબર
ટકા -૯૫.૧૭%

### પોરબંદરમાં જનેતા જ બની હત્યારી

# પત્નીએ પોતાના આડા સંબંધ છુપાવવા પેટ જણેલ નવજાતને મોતને ઘાટ ઉતાર્યું

પોરબંદર,તા.૭

પોરબંદર જિલ્લામાં માનવતાને શર્મસાર કરતી એક ચોંકાવનારી ઘટના સામે આવી છે, જ્યાં એક માતાએ જ પોતાના નવજાત શિશુને મોતને ઘાટ ઉતાર્યો હોવાનો કિસ્સો પ્રકાશમાં આવ્યો છે. પોરબંદરમાં નવજાત શિશુની હત્યાનો ભેદ હવે ઉકેલાઈ ગયો છે. પત્નીના અન્ય પુરુષ સાથેના આડા સંબંધોમાંથી જન્મેલા શિશુની હત્યા કરવામાં આવી હતી. આ સમગ્ર મામલે પતિને જાણ થતાં તેણે તરત જ પોલીસનો સંપર્ક કર્યો હતો. પોલીસે પ્રાથમિક તપાસ બાદ ગુનો નોંધવાની પ્રક્રિયા શરૂ કરી હતી.

માહિતી મુજબ, મૂળ મંડેર અને હાલ ચીંગરીયા ગામના ભટ્ટુયા વાડી વિસ્તારમાં રહેતા વિપુલ કાના વાસણની પત્નીના અન્ય પુરુષ સાથે શારીરિક સંબંધો બંધાયા હતા. આ ગેરકાયદેસર સંબંધોના પરિણામે પરિણીતાએ થોડા દિવસો પહેલા જ એક નવજાત શિશુને જન્મ આપ્યો હતો. પોતાનું પાપ અને આડા સંબંધોની પોલ છુપાવવા માટે પરિણીતાએ આ નવજાત શિશુને જન્મ બાદ તરત જ ઓડદર ગામની સીમમાં ખાડો ખોદીને દાટી દીધો હતો. આ કરુણ અને નિર્દયી કૃત્યથી સમગ્ર વિસ્તાર દંગ રહી ગયો છે.

કહેવાય છે કે પાપ ક્યારેય છુપાયેલું નથી રહેતું, તેવી જ રીતે આ ઘટનાની પણ જાણ પતિ વિપુલ વાસણને થઈ ગઈ. પત્નીના આડા સંબંધ અને શિશુની હત્યા અંગેની માહિતી મળતાં જ પતિ ચોંકી ઉઠ્યો અને તરત જ માધવપુર પોલીસ સ્ટેશનમાં વિગતવાર ફરિયાદ નોંધાવી. નવજાત શિશુની હત્યા જેવો ગંભીર ગુનો નોંધાતા માધવપુર પોલીસે વિલંબ વિના ઘટનાસ્થળે પહોંચી સઘન તપાસ શરૂ કરી. પોલીસની ઝીણવટભરી તપાસમાં આ જઘન્ય અપરાધના નક્કર પુરાવા હાથ લાગ્યા, જેના આધારે આગળની કાયદેસરની કાર્યવાહી આગળ ધપાવવામાં આવી.

પતિ વિપુલ કાના વાસણની ફરિયાદ તથા મળેલા પુરાવાઓના આધારે પોલીસે ત્રણ મુખ્ય આરોપીઓ સામે ગુનો દાખલ કર્યો છે. જેમાં તેની પત્ની જાગૃતિ વિપુલ વાસણ, પત્નીની માતા અને સાસુ દૂધી મુળુ વાજા તથા દોલતગઢના રહેવાસી હિતેશ ખીમા ડાકીનો સમાવેશ થાય છે.

પોરબંદર જિલ્લામાં ભારે ચકચાર જગાવનાર આ બનાવને પગલે માધવપુર પોલીસે આ ત્રણેય આરોપીઓને કાયદાની જાળમાં લેવાની પ્રક્રિયા શરૂ કરી છે. હાલ પોલીસ દ્વારા વધુ પૂછપરછ અને તપાસ ચાલી રહી છે અને સમગ્ર મામલે વધુ વિગતો બહાર આવવાની સંભાવના છે.

**આ સમગ્ર મામલે પતિને જાણ થતાં તેણે તરત જ પોલીસનો સંપર્ક કર્યો હતો પોલીસે પ્રાથમિક તપાસ બાદ ગુનો નોંધવાની પ્રક્રિયા શરૂ કરી હતી**

### ઘરકંકાસમાંથી ઊભો થયો મોતનો ખેલ

# પ્રેમલગ્ન અને ઘરકંકાસની અદાવતમાં આધેડની હત્યા

અમદાવાદ,તા.૭

અમદાવાદ શહેરના જીવરાજપાર્ક બ્રિજ નીચે થયેલા હત્યાકાંડના કેસમાં પોલીસને મોટી સફળતા મળી છે. ૨ મેના રોજ બ્રિજ નીચે મધરાતે નટુભાઈ પરમાર નામના આધેડની નિર્દયી હત્યા થયાનો કિસ્સો સામે આવ્યો હતો. સીસીટીવી ફૂટેજમાં આરોપીઓ દ્વારા ક્રૂરતાપૂર્વક મારઝૂડ કરતા હોવાના દ્રશ્યો સ્પષ્ટ દેખાયા હતા. ઘટનાને કારણે પરિવારજનોમાં ભારે રોષ ફેલાયો હતો, જ્યારે શહેરમાં પણ ચકચાર મચી હતી.કેસની ગંભીરતાને ધ્યાનમાં રાખીને પોલીસ દ્વારા ફરાર આરોપીઓને પકડવા અલગ અલગ ટીમો રચવામાં આવી હતી. તપાસ દરમિયાન માહિતી મળી હતી કે આરોપીઓ બનાસકાંઠાથી રાજસ્થાન ભાગવાની તૈયારીમાં છે. આ ઈનપુટના આધારે શહેર પોલીસે સ્થાનિક પોલીસની મદદથી બનાસકાંઠાના દાંતીવાડા વિસ્તારમાંથી હસમુખ વાઘેલા, કાંતિ વાણા અને ભાવેશ પરમાર નામના ૩ આરોપીઓને ઝડપી પાડ્યા. વધુ એક ફરાર આરોપી કેતન ગળચોટને શોધવા માટે પોલીસ દ્વારા તજવીજ તેજ ગતિએ ચાલુ રાખવામાં આવી છે.

પોલીસ તપાસમાં ખુલ્યું છે કે મૃતક નટુભાઈ પરમારના દીકરા કૌશિકએ લગભગ ૫ વર્ષ પહેલાં પ્રેમલગ્ન કર્યા હતાં. પત્નીનું મિસકેરેજ થયા બાદ છેલ્લા ૬ મહિનાથી બંન્ને વચ્ચે સતત ઘરકંકાસ ચાલી રહ્યો હતો અને કૌશિકની પત્ની હાલ તેના પિયરમાં રહે છે. થોડા દિવસ પહેલાં નટુભાઈ અને કૌશિક સાસરી ગયા ત્યારે પણ બોલાચાલી અને ઝઘડો થયો હતો. ૨૮ એપ્રિલના રોજ હસમુખ અને અન્ય કેટલાક લોકો નટુભાઈના ઘરે આવ્યા ત્યારે ફરી ઝઘડો થયો હતો. આ અદાવત મનમાં રાખીને હસમુખએ નટુભાઈની હત્યા કરવાની યોજના બનાવી હતી.

યોજના મુજબ, નટુભાઈ રાત્રિના સમયે જીવરાજપાર્ક બ્રિજ નીચે આવેલી એક મોબાઈલ શોપ પાસે ઊભા હતા ત્યારે હસમુખ અને તેના સાથીદારો ત્યાં પહોંચી ગયા. આરોપીઓએ લોખંડની પાઈપ અને લાકડી વડે એક પછી એક ઘા કરી નટુભાઈને મોતને ઘાટ ઉતાર્યા. હસમુખ વાઘેલા, કૌશિકની પત્નીના કૌટુંબિક મામા હોવાનું સામે આવ્યું છે.

હત્યા બાદ આરોપીઓ બે મોટરસાયકલ પર રાણીપ તરફ ભાગ્યા અને ત્યારબાદ બનાસકાંઠા ભાગી ગયાં. પોલીસથી બચવા તેઓ મંદિરો અને નાના ગેસ્ટ હાઉસમાં છુપાતા હતાં. આરોપીઓ છૂટક મજૂરી કામ કરતા હોવાનું પણ બહાર આવ્યું છે. હાલ પોલીસે ત્રણેયની કસ્ટડી લઈ પૂછપરછ શરૂ કરી છે અને સમગ્ર કેસમાં વધુ કડી જોડવા તજવીજ હાથ ધરી છે.

### ઉનાળા સાથે રોગચાળો ફાટી નીકળ્યો

# એપ્રિલમાં પાણીજન્ય રોગોના ૮૦૦ કેસ, પાણીપુરીના એકમો પર તંત્રની તપાસ

અમદાવાદ,તા.૭

અમદાવાદ શહેરમાં ગરમીનો પારો વધવાની સાથે જ પાણીજન્ય રોગચાળામાં મોટો ઉછાળો જોવા મળ્યો છે. ચાલુ વર્ષે એપ્રિલ માસ દરમિયાન શહેરમાં ઝાડા-ઉલટી, કમળો અને ટાઈફોઈડ જેવા પાણીજન્ય રોગોના અંદાજે ૮૦૦ જેટલા કેસો નોંધાતા આરોગ્ય વિભાગ હરકતમાં આવ્યું છે.

AMCના ઇન્ચાર્જ હેલ્થ ઓફિસર ડૉ. ભાવિન સોલંકીએ આપેલી માહિતી મુજબ, એપ્રિલ મહિનામાં જ ઝાડા-ઉલટીના ૬૪૨ કેસ, ટાઈફોઈડના ૧૫૫ કેસ અને કમળોના ૫૫ કેસ નોંધાયા છે.

અમદાવાદ શહેરમાં પાણીની ગુણવત્તા તપાસવા માટે આરોગ્ય વિભાગ દ્વારા યુદ્ધના ધોરણે કામગીરી કરવામાં આવી રહી છે. અત્યાર સુધીમાં પાણીની ગુણવત્તા ચકાસવા માટે ૫૨,૦૦૦ જેટલા ક્લોરીન ટેસ્ટ કરવામાં આવ્યા છે. તપાસ દરમિયાન ૧૩ જેટલી જગ્યાઓ પર પાણીમાં ક્લોરીનનું પ્રમાણ 'નીલ' (શૂન્ય) જોવા મળ્યું હતું, જે ગંભીર બેદરકારી દર્શાવે છે.

વધુમાં, રોગચાળાને ડામવા માટે છસ્ઝની ટીમો દ્વારા અમદાવાદ શહેરના વિવિધ પાણીપુરીના એકમો પર રેડ કરીને ત્યાં વપરાતા પાણીના સેમ્પલ લેવાની કામગીરી પણ હાથ ધરવામાં આવી છે. ઉનાળામાં દૂષિત પાણી અને ખોરાકને કારણે આ કેસો વધી રહ્યા હોવાથી નાગરિકોને ઉકાળેલું પાણી પીવા અને બહારનો ખુલ્લો ખોરાક ન ખાવા અપીલ કરવામાં આવી છે.

# જીવનમાં પ્રતિકૂળતાનાતત્વો ચોક્કસપણે હોઈ શકે છે,પરંતુ જીવન પોતે ક્યારેય ખરાબ ન હોઈ શકે.



યશપાલસિંહ ટી.વાઘેલા
દરબાર ગઢ થરા

## સંગતનો સુવાસ જીવનને અર્થપૂર્ણ બનાવતી પસંદગી

આજે વિશ્વ રેડક્રોસ દિવસે જોઈએ તો આ માનવ જીવન કિંમતી અને દુર્લભ બંને છે.જે દિવસે વ્યક્તિ ખરેખર જીવનની દુર્લભતાને સમજી લેશે,ત્યારે કોઈ પણ વ્યક્તિ તેને ક્યારેય બગાડી શકશે નહીં. માનવ જીવન એ પરમાત્મા દ્વારા આપણને મળેલી અમૂલ્ય ભેટ છે.જીવનમાં પ્રતિકૂળતાના તત્વો ચોક્કસપણે હોઈ શકે છે,પરંતુ જીવન પોતે ક્યારેય ખરાબ ન હોઈ શકે. જીવન એક તક છે ઉત્તમ બનવાની,ઉત્તમ કાર્ય કરવાની અને ઉત્તમ પ્રાપ્ત કરવાની તક.

જીવન એક ફૂલ જેવું છે: જ્યારે તે કાંટાથી ભરેલું હોઈ શકે છે, ત્યારે તેમાં સુંદરતાનો પણ અભાવ નથી.જીવન ફક્ત તે લોકો દ્વારા ×ખરાબ× માનવામાં આવે છે જેમની નજર ફૂલો પર નહીં પણ ફક્ત કાંટા પર સ્થિર રહે છે. જીવનમાં,વ્યક્તિ કંઈ પણ મેળવી શકે છે;છતાં,જો કોઈ વ્યક્તિ બધું છોડી દે,તો પણ તે જીવનને પ્રાપ્ત કરી શકતો નથી.જીવનને ખરાબ ગણાવવાને બદલે,તેની અંદર રહેલી દુષ્ટતાઓને દૂર કરવાનો પ્રયાસ કરો;આ ખરેખર જ્ઞાની વ્યક્તિનું લક્ષણ છે.એક દિવસ એક જ્ઞાની ગુરુ પોતાના શિષ્યોને લઈ પ્રકૃતિના ખોળે નીકળ્યા. રસ્તો લીલીછમ હરિયાળીથી શોભતો હતો અને પંખીઓના કલરવથી વાતાવરણ મધુર બન્યું હતું.ચાલતાં ચાલતાં ગુરુજીએ શિષ્યોને જીવનનું અમૂલ્ય રહસ્ય સમજાવ્યું:×બાળકો, આપણે જેની સંગત કરીએ છીએ તે આપણા જીવન ને ઘડે છે.આપણો સ્વભાવ, વિચાર અને ચારિત્ર્ય સંપૂર્ણપણે સંગ પર આધારિત છે.×

શિષ્યો ધ્યાનથી સાંભળતા હતા, પણ મનમાં પ્રશ્ન હતો કે કોઈની સંગ આટલી ઊંડી અસર કેવી રીતે કરી શકે?ત્યાં જ ગુરુની નજર રસ્તાની બાજુમાં ખીલેલા ગુલાબના છોડ પર પડી.તેનાં ફૂલોની મહેક ચારેકોર પ્રસરી રહી હતી.ગુરુજીએ એક શિષ્ય ને કહ્યું,×જા,આ છોડ નીચેથી થોડી માટી લઈ આવ.×

શિષ્ય માટી લાવ્યો.ગુરુજી હસી ને બોલ્યા,×હવે આ માટીનેસૂંઘીને કહે,શું સુગંધ આવે છે?× શિષ્ય આશ્ચર્યથી બોલી ઊઠ્યો, ×ગુરુજી!આ તો ગુલાબ જેવી મીઠી સુગંધ આપે છે.×ત્યારે ગુરુએ બધા શિષ્યોને સમજાવ્યું,×આ જ સંગતનો પ્રભાવ છે. આ સામાન્ય માટી છે,પણ દિવસરાત ગુલાબની પાંદડીઓ તેના પર ખરતી રહી. ગુલાબની નિકટતાએ માટીને પણ સુગંધિત બનાવી દીધી. એમ જ માનવી જેની સંગતમાં રહે છે તેના ગુણો તેનામાં આપો આપ આવી જાય છે.સારા,સદા ચારી અને સકારાત્મક લોકોની સંગત માણસને ઉન્નત બનાવે છે, જ્યારે ખરાબસંગતનકારાત્મકતા અને દુર્ગુણોના મૂળ નાખી દે છે.×

★સંગત: માત્ર શારીરિક નિકટતા નહીં,આંતરિક પરિવર્તન શિષ્યો ને સમજાયું કે સંગત એટલે માત્ર સાથે રહેવું નહીં,પણ વ્યક્તિત્વ નું ઘડતર છે.ગુરુજીએ સારાંશ આપ્યો:×હંમેશા એવી સંગત પસંદ કરો જે તમને ઊંચાઈ પર લઈ જાય,સારા મૂલ્યો અને સકારાત્મકતા આપે. યોગ્ય સંગત જ જીવનને સફળ અને સુગંધિત બનાવે છે.× તે દિવસથી શિષ્યોએ સંકલ્પ કર્યો કે તેઓ હંમેશા સત્સંગમાં રહી પોતાના જીવનને ગુલાબની જેમ મહેકાવશે.

રાસલીલા:આત્મા અને પરમાત્માનો અલૌકિક સંગ આ સંગતનું સર્વોચ્ચ ઉદાહરણ છે ગોપીઓની રાસલીલા. ગોપી ઓએ શરૂઆતમાં જ સ્પષ્ટ કર્યું કે,×અમે વિષયો તો શું,સ્ત્રીત્વનો પણ ત્યાગ કરીને આવ્યા છીએ. ×આ ભાવ સ્મરણમાં રાખીને જ રાસલીલા નું રહસ્ય સમજાય. શ્રદ્ધાપૂર્વક રાસલીલાનું સ્મરણ કરવાથી ભગવાનના ચરણોમાં પરાભક્તિ પ્રાપ્ત થાય છે અને કામભાવ સદાને માટે નષ્ટ થાયછે રાસલીલાના પાંચ અધ્યાય પરમાત્માના પંચવિધ રમણ દર્શાવે છે:પહેલા અધ્યાયમાં આત્મા સાથે,બીજામાં હૃદયસાથે ત્રીજામાં વાણી સાથે, ચોથામાં પ્રાણ સાથે અને પાંચમામાં બુદ્ધિ સાથે રમણ છે.આ સર્વાંગનું ઈશ્વર સાથે મિલન છે.

ગોપીઓની માયાથી નિવૃત્તિ કેવી રીતે?પરીક્ષિત રાજાએશુકદેવજી ને પૂછ્યું કે ત્રણ ગુણના પ્રવાહ રૂપ સંસારથી ગોપીઓ કેવી રીતે મુક્ત થઈ?ત્યારે શુક દેવજી કહે છે,×જીવ ઈશ્વરનું સતત ચિંતન કરતાં ઈશ્વરરૂપ બની જાય છે. શિશુપાલ દ્વેષભાવથી પણ ચિંતન કરતાં ભગવાનનો પાર્ષદ બની ગયો, તો પ્રેમથી ચિંતન કરનારી ગોપીઓ શ્રીકૃષ્ણમય બની જાય તેમાં આશ્ચર્ય શું?×




ભૌતિક નહીં,આધ્યાત્મિક મિલન હે રાજા!રાસમાં શ્રીકૃષ્ણનું ગોપીઓના ભૌતિક શરીર સાથે રમણ નહોતું.ગોપી ઓનાં પંચ ભૌતિક શરીર તો તેમના ઘરે જ હતાં.આ તો ગોપીઓના આધિદૈવિક, આધ્યાત્મિક સ્વરૂપનું પરમાત્મા સાથે મિલન હતું. ઈશ્વરને મનથી મળવાનું છે.શરીર ગમે ત્યાં હોય ભાવના જ મહત્વની છે.

ગોપી-કૃષ્ણની આ રાસલીલા બે-ચાર કલાક કે દિવસમાં પૂરી નથી થઈ, તે તો છ માસ ચાલી. છ માસ ગોપીઓ ઘરે ન આવે તો કેટલી ગરબડ થાય?આ સ્પષ્ટ કરે છે કે આ ભૌતિક મિલન નથી,પણ જીવ-ઈશ્વરનું આધ્યાત્મિક મિલન છે. બ્રહ્મનો બ્રહ્મ સાથે વિલાસએ જ રાસ છે

સમજવા માટે મનની શુદ્ધિજરૂરી પરમાત્માની લીલાનું રહસ્ય ઝટ સમજાતું નથી, કારણ કે ગળામાં કાચકી બાઝેલી છે.એટલે ગળું સાફ કરો,મન સાફ કરો,અંતરના પડદા દૂર કરો. પછી સમજાશે કે ભગવાન શ્રીકૃષ્ણ આત્મા છે, આત્માકાર વૃત્તિ તે રાધિકાજી છે અને બાકીની આત્માભિમુખ વૃત્તિઓ તે ગોપીઓ છે.ઈશ્વર સૌના સાક્ષી,પરમ પતિ છે.જેમ નાનો બાળક નિર્વિકાર ભાવે અરીસામાં પોતાના પ્રતિબિંબ સાથે ખેલે છે,તેમ આત્માનું આત્મા સાથેનું આ રમણ છે. આ અલૌકિક લીલા છે.જેમ ગુલાબની સંગતથી માટીસુગંધિત બને છે,તેમ પરમાત્માની સંગત થી જીવ દિવ્ય બને છે. તેથી જીવનમાં સત્સંગ પસંદ કરો, કારણ કે સંગત જ તમારું ભાવિ ઘડે છે.અસ્તુ.

## ભાજપ પાર્લામેન્ટ્રી બોર્ડના મંથનનો બીજો દિવસઃ મેયર અને જિલ્લા પંચાયત પ્રમુખોના નામો પર લાગશે મહોર

# મહાનગરોમાં 'નાથ' કોણ? ૧૫ મેયર અને ૩૩ જિલ્લા પંચાયત પ્રમુખોના ભાવિનો આજે ફેંસલો

## ગઈકાલે ૨૩૦ તાલુકા પ્રમુખો પર ચર્ચા બાદ આજે ૧૨૪ મહત્વના હોદ્દાઓ પર મથામણ.



- સંગઠન પ્રત્યેની વફાદારી અને ક્ષમતા જ બનશે પસંદગીનો મુખ્ય માપદંડ.
- શહેર-જિલ્લા પ્રમુખોની હાજરીમાં મુખ્યમંત્રી નિવાસે બેઠકોનો ધમધમાટ.

ગરવી તાકાત | ગાંધીનગર

ગાંધીનગર ખાતે મુખ્યમંત્રી નિવાસસ્થાને આજે ભાજપ પાર્લામેન્ટ્રી બોર્ડની બેઠકનો નિર્ણાયક બીજો દિવસ છે. રાજ્યમાં સ્થાનિક સ્વરાજની સંસ્થાઓમાં સત્તાના સૂત્રો સોંપવા માટે ચાલી રહેલી આ પ્રક્રિયામાં આજે ૧૫ મહાનગરપાલિકાના મેયર, ૩૩ જિલ્લા પંચાયત પ્રમુખ અને ૭૬ નગરપાલિકા પ્રમુખોના નામો નક્કી કરવા માટે ગહન વિચારણા ચાલી રહી છે. જિલ્લા અને શહેર પ્રમુખોના સીધા ફીડબેક સાથે પક્ષના વરિષ્ઠ નેતાઓ વફાદારી અને જીતની ક્ષમતાના આધારે 'નવી ટીમ' તૈયાર કરી રહ્યા છે, જેની સત્તાવાર જાહેરાત ટૂંક સમયમાં કરવામાં આવશે.

ગાંધીનગર ખાતે મુખ્યમંત્રી નિવાસ સ્થાને ભાજપ પાર્લામેન્ટ્રી બોર્ડની બેઠકનો આજે બીજો દિવસ છે. રાજ્યમાં સ્થાનિક સ્વરાજની ચૂંટણીઓ બાદ ચૂંટાયેલી પાંખના વડાઓની પસંદગી માટે શરૂ થયેલી આ બેઠકમાં ત્રણ દિવસ સુધી સતત મંથન પ્રક્રિયા ચાલશે.પાર્ટી દ્વારા સુચારુ સંકલન અને અંતિમ નિર્ણય પ્રક્રિયાને વધુ અસરકારક બનાવવા માટે તમામ પાર્લામેન્ટ્રી બોર્ડના સભ્યો સાથે જિલ્લા અને શહેર પ્રમુખોને પણ બેઠકમાં હાજર રહેવા ખાસ સૂચના આપવામાં આવી છે.

ગઈકાલે બેઠકના પ્રથમ દિવસે તાલુકા પંચાયતના કુલ ૨૩૦ પ્રમુખોના નામ અંગે વિસ્તૃત ચર્ચા કરવામાં આવી હતી. વિવિધ જિલ્લાઓમાંથી મળેલ ફીડબેક અને સંગઠનના સૂચનોને ધ્યાનમાં રાખીને ઉમેદવારોની પસંદગી માટે ગહન વિચારણા કરવામાં આવી હતી.

આજે બીજા દિવસે બેઠક વધુ મહત્વપૂર્ણ બનશે, જેમાં ૩૩ જિલ્લા પંચાયત પ્રમુખ, ૧૫ મહાનગરપાલિકાના મેયર,૭૬ નગરપાલિકા પ્રમુખ મળીને કુલ ૧૨૪ પદો માટે ચર્ચા અને નામોને અંતિમ સ્વરૂપ આપવા મથામણ ચાલી રહી છે.સૂત્રો મુજબ, ઉમેદવારોની પસંદગીમાં સંગઠન પ્રત્યેની વફાદારી, કાર્યક્ષમતા, સ્થાનિક સમીકરણો અને જીતની ક્ષમતા જેવા માપદંડોને પ્રાથમિકતા આપવામાં આવી રહી છે.

ઉલ્લેખનીય છે કે નગરપાલિકા અને તાલુકા પંચાયત પ્રમુખોના નામોની સત્તાવાર જાહેરાત જિલ્લા સ્તરે કરવામાં આવશે, જ્યારે મહાનગરપાલિકા અને જિલ્લા પંચાયતના મુખ્ય પદો અંગેનો નિર્ણય રાજ્ય સ્તરે જાહેર થવાની સંભાવના છે.આ મેરેથોન બેઠક બાદ આગામી સમયમાં રાજ્યના સ્થાનિક શાસનમાં ભાજપની નવી ટીમનો ચહેરો સ્પષ્ટ થશે, જેને લઈને રાજકીય વર્તુળોમાં ભારે ઉત્સુકતા જોવા મળી રહી છે.

## કચ્છ સરહદે સુરક્ષા વધારાઈઃ એક તરફ પાકિસ્તાની બોટ મળી, બીજી તરફ મધ્ય દરિયે ફસાયેલા જહાજના ૭ ક્રૂ મેમ્બરનું રેસ્ક્યુ

ગરવી તાકાત/કચ્છ

કચ્છના સરહદી અને સંવેદનશીલ ગણાતા જખૌથી નારાયણ સરોવર વચ્ચેના ક્રીક વિસ્તારમાં સીમા સુરક્ષા દળ (BSF) ના પેટ્રોલિંગ દરમિયાન એક બિનવારસુ પાકિસ્તાની બોટ મળી આવતા ખળભળાટ મચી ગયો છે. ભારતીય જળસીમામાં શંકાસ્પદ રીતે પ્રવેશેલી આ બોટમાંથી માછીમારીના સાધનો મળી આવ્યા છે, જોકે કોઈ શખ્સ પકડાયો નથી. ડ્રગ્સની હેરાફેરી અને ઘૂસણખોરીની આશંકાને પગલે સુરક્ષા એજન્સીઓએ સમગ્ર વિસ્તારમાં હાઈ એલર્ટ જાહેર કરી સર્ચ ઓપરેશન તેજ કર્યું છે. બીજી તરફ, ઓમાનથી અલંગ આવી રહેલા 'એમ.વી. ગૌતમ' જહાજમાં ટેકનિકલ ખામી સર્જાતા તેમાં સવાર ૭ ક્રૂ મેમ્બરોને સુરક્ષિત બચાવી લેવાની કામગીરી પણ હાથ ધરવામાં આવી હતી.





કચ્છના સરહદી દરિયાઈ વિસ્તારમાં જખૌથી નારાયણ સરોવર વચ્ચેના સંવેદનશીલ ક્રીક વિસ્તારમાંથી એક બિનવારસુ પાકિસ્તાની બોટ મળી આવતા સુરક્ષા એજન્સીઓ સતર્ક થઈ ગઈ છે. સીમા સુરક્ષા દળના જવાનો જ્યારે નિયમિત પેટ્રોલિંગમાં હતા ત્યારે આ શંકાસ્પદ બોટ નજરે પડી હતી, જેને પગલે સમગ્ર પંથકમાં હાઈ એલર્ટ જાહેર કરવામાં આવ્યું છે.

બીએસએફના જવાનો નારાયણ સરોવરના ક્રીક વિસ્તારમાં પેટ્રોલિંગ કરી રહ્યા હતા તે દરમિયાન દરિયામાં એક બિનવારસુ બોટ મળી આવી હતી. જવાનોએ તાત્કાલિક કાર્યવાહી કરી બોટને કબજે કરી તપાસ કરતા તે પાકિસ્તાની હોવાનું ખુલ્યું હતું. બોટની અંદરથી માછીમારીનો સામાન મળી આવ્યો છે, પરંતુ તેમાં કોઈ શખ્સ હાજર ન હતો. ભારતીય જવાનોને જોઈને પાકિસ્તાની માછીમારો બોટ છોડીને નાસી છૂટ્યા હશે અથવા દરિયાઈ પ્રવાહને કારણે બોટ ભારતીય જળસીમામાં પ્રવેશી હોવાની આશંકા વ્યકત્ કરવામાં આવી છે.

નોંધનીય છે કે, કચ્છના જખૌથી સુથરી અને નારાયણ સરોવર સુધીના કાંઠા વિસ્તારમાંથી અવારનવાર નશીલા પદાર્થોના પેકેટ મળી આવતા હોય છે, જેના કારણે તપાસ એજન્સીઓ પાકિસ્તાન તરફથી થતી ડ્રગ્સની હેરાફેરી અંગે તપાસ કરી રહી છે. આ પરિસ્થિતિમાં પાકિસ્તાની બોટ મળી આવવી તે સુરક્ષાની દ્રષ્ટિએ ગંભીર ગણાઈ રહી છે.

એમ.વી. ગૌતમ નામનું આ જહાજ ઓમાનથી તેની અંતિમ સફર શરૂ કરીને અલંગ આવી રહ્યું હતું ત્યારે આ ટેક્નિકલ ખામી સર્જાઈ હતી. જહાજમાં ૬ ભારતીય અને ૧ ઈન્ડોનેશિયન નાગરિક સહિત કુલ ૭ ક્રૂ મેમ્બરો સવાર હતા. મુંબઈ સ્થિત મેરીટાઈમ રેસ્કયુ એન્ડ કો-ઓર્ડિનેશન સેન્ટર (સ્ઇઝ્રઝ્ર) દ્વારા તાત્કાલિક સહાય માટે પાકિસ્તાની સત્તાવાળાઓનો સંપર્ક કરવામાં આવ્યો હતો. પાકિસ્તાન નેવી અને તેની સિક્યુરિટી એજન્સીએ આ વિનંતી પર ત્વરિત પ્રતિસાદ આપીને ઓપરેશન હાથ ધર્યુ હતું. તમામ સભ્યોને સુરક્ષિત રીતે બચાવી લેવાયા છે.

## મહુડી ખાતે ઉત્તર ગુજરાત ક્ષત્રિય સમાજનો ૨૪મો સમૂહ લગ્નોત્સવ યોજાયો

ગરવી તાકાત /ગાંધીનગર

ગાંધીનગર જિલ્લાના માણસા તાલુકાના પ્રસિદ્ધ યાત્રાધામ મહુડી ખાતે ઉત્તર ગુજરાત ક્ષત્રિય સમાજ દ્વારા ૨૪માં ભવ્ય સમૂહ લગ્નોત્સવનું આયોજન કરવામાં આવ્યું હતું. છેલ્લા બે દાયકાથી વધુ સમયથી ચાલતી આ પરંપરાને જાળવી રાખતા આ વર્ષે ૮૩ યુગલોએ સાદાઈથી લગ્નગ્રંથિમાં જોડાઈને સમાજ સમક્ષ ખોટા ખર્ચાઓ ટાળવાનું ઉત્તમ ઉદાહરણ પૂરું પાડ્યું હતું. આ માંગલિક પ્રસંગે અનેક રાજકીય મહાનુભાવો અને ક્ષત્રિય સમાજના અગ્રણીઓએ ખાસ હાજરી આપી નવદંપતીઓને સુખી જીવનના આશીર્વાદ પાઠવ્યા હતા.





માણસા તાલુકાના મહુડી ખાતે ઉત્તર ગુજરાત ક્ષત્રિય સમાજનો ૨૪મો સમૂહ લગ્નોત્સવ યોજાયો હતો. આ પ્રસંગે ૮૩ જેટલા યુગલોએ પ્રભુતામાં પગલાં માંડ્યા હતા.

છેલ્લા ૨૪ વર્ષથી આયોજિત થતા આ સમૂહ લગ્નોત્સવમાં દર વર્ષે મોટી સંખ્યામાં યુવક-યુવતીઓ સાદાઈથી લગ્ન કરીને સમાજને પ્રેરણા પૂરી પાડે છે. આ પરંપરા સમાજમાં ખોટા ખર્ચાઓ ટાળવા અને સામાજિક એકતાને પ્રોત્સાહન આપવા માટે મહત્વપૂર્ણ બની છે.આ સમૂહ લગ્નોત્સવમાં માણસાના ધારાસભ્ય જે.એસ. પટેલ, પૂર્વ ધારાસભ્ય અમિતભાઈ ચૌધરી અને બાબુસિંહ ઠાકોર, પોલીસ આવાસ નિગમના પૂર્વ ચેરમેન ડી.ડી. પટેલ, ગાંધીનગર જિલ્લા ભાજપ ઉપપ્રમુખ લક્ષ્મણસિંહ રાઠોડ સહિત ક્ષત્રિય સમાજના અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા. તેમણે નવદંપતીઓને આશીર્વાદ પાઠવ્યા હતા.



દાતાઓ તરફથી સમૂહ લગ્નમાં જોડાનાર તમામ દંપતીઓને મોટી સંખ્યામાં ભેટ સોગાદો આપવામાં આવી હતી. સમૂહ લગ્ન સમિતિ દ્વારા ઉપસ્થિત સૌનો આભાર વ્યકત કરવામાં આવ્યો હતો. સમિતિએ સમાજના અન્ય લોકોને પણ ભવિષ્યમાં ખોટા ખર્ચાઓ બંધ કરીને સમૂહ લગ્નમાં જોડાવા માટે આહ્વાન કર્યું હતું.

## હિંમતનગર બી ડિવિઝન પોલીસની કાર્યવાહીઃ બાતમીના આધારે ડ્રગ્સના ગુનામાં સંડોવાયેલા આરોપીને દબોચ્યો

ગરવી તાકાત / હિંમતનગર

સાબરકાંઠાની હિંમતનગર બી ડિવિઝન પોલીસે બાતમીના આધારે એક મહત્વપૂર્ણ કાર્યવાહી કરી છેલ્લા દોઢ વર્ષથી દ્રહૈંજીના બે ગુનામાં નાસતા-ફરતા આરોપી સુલ્તાન જૈનુલભાઈ અંસારીને ઝડપી પાડ્યો છે. હિંમતનગરના ન્યાય મંદિર વિસ્તારમાંથી ઝડપાયેલો આ આરોપી રાજસ્થાનના ગઢી પોલીસ સ્ટેશનમાં નોંધાયેલા કેસોમાં વોન્ટેડ હતો. પોલીસ પેટ્રોલિંગ દરમિયાન મળેલી ચોક્કસ બાતમીને પગલે ડી-સ્ટાફની ટીમે વોચ ગોઠવી આરોપીને દબોચી લીધો હતો, જેને હવે રાજસ્થાન પોલીસને સોંપવા માટેની તજવીજ હાથ ધરવામાં આવી છે.



હિંમતનગર બી ડિવિઝન પોલીસે NDPSના બે ગુનામાં છેલ્લા દોઢ વર્ષથી ફરાર આરોપી સુલ્તાન જૈનુલભાઈ અંસારી (ઉ.વ. ૩૮) ને ન્યાય મંદિર વિસ્તારમાંથી ઝડપી પાડ્યો છે. આરોપી રાજસ્થાનના ગઢી પોલીસ સ્ટેશનમાં નોંધાયેલા ગુનાઓમાં વોન્ટેડ હતો.

પોલીસના ડી સ્ટાફના કર્મચારીઓ પેટ્રોલિંગમાં હતા. તે દરમિયાન રાકેશકુમાર અને અભિષેકને મળેલી સંયુક્ત બાતમીના આધારે આ કાર્યવાહી કરવામાં આવી હતી. બાતમી હતી કે આરોપી સુલ્તાન જૈનુલભાઈ અંસારી ન્યાય મંદિર ચાર રસ્તા પાસે ઊભો છે.

બાતમી મળતા જ પોલીસે તાત્કાલિક સ્થળ પર પહોંચી કોર્ડન કરી આરોપીને પકડી પાડ્યો હતો. સુલ્તાન અંસારી ચાંદનગર પેલેસ પાછળ, હિંમતનગર અને હાલ ગરીબ નવાઝ મસ્જિદની બાજુમાં, ચિસ્તીયાનગર, પરબડા રોડ, હિંમતનગરનો રહેવાસી છે.

હિંમતનગર બી ડિવિઝન પોલીસ સ્ટેશનના" એ.એમ. ચૌધરીએ આ અંગે માહિતી આપતા જણાવ્યું કે, આરોપીને પકડ્યા બાદ તેને રાજસ્થાનના ગઢી પોલીસ સ્ટેશનને સોંપવાની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

## ગુજરાતમાં કમોસમી વરસાદનો કહેરઃ સાબરકાંઠા, ચરોતર અને ગીર સોમનાથમાં તોફાની પવન સાથે વરસાદ,ખેતી પાકને વ્યાપક નુકસાન

ગરવી તાકાત /સાબરકાંઠા

ગુજરાતમાં ઉનાળાની કાળઝાળ ગરમી વચ્ચે અચાનક હવામાનમાં પલટો આવતા રાજ્યના વિવિધ ભાગોમાં કમોસમી વરસાદી આફત ત્રાટકી છે. સાબરકાંઠાના પોશીના અને ખેડબ્રહ્મા, ચરોતરના ઠાસરા પંથક અને ગીર સોમનાથ જિલ્લામાં મિની વાવાઝોડા સાથે પડેલા વરસાદે જનજીવન અસ્તવ્યસ્ત કરી નાખ્યું છે. આ અચાનક આવેલા માવઠાને કારણે ખેતરોમાં તૈયાર થયેલી બાજરી, જુવાર અને ઉનાળુ ડાંગર સહિત કેસર કેરીના પાકને ભારે નુકસાન થવાની ભીતિ સર્જાઈ છે. ભારે પવનને કારણે મંડપો અને વૃક્ષો ધરાશાયી થવાની ઘટનાઓ સાથે ખેડૂતોના મોઢે આવેલો કોળિયો છીનવાઈ જવાની ભીતિએ જગતના તાતનો જીવ તાળવે ચોંટ્યો છે.

ઉત્તર ગુજરાતના સાબરકાંઠા જિલ્લાના પોશીના, ખેડબ્રહ્મા પંથકમાં ધોધમાર વરસાદ વરસ્યો હતો. જ્યારે હિંમતનગર સહિત આસપાસના વિસ્તારોમાં પણ ઝરમર વરસાદી છાંટા પડતાં વાતાવરણમાં ઠંડક જોવા મળી હતી.જ્યારકે ચરોતરના ઠાસરા તાલુકાના આગરવા સહિતના આસપાસના ગ્રામ્ય વિસ્તારોમાં અચાનક કમોસમી વરસાદી ઝાપટાં પડતા ખેડૂતોની ચિંતામાં મોટો વધારો થયો છે. ગીર સોમનાથ જિલ્લામાં વાતાવરણમાં આવેલા અચાનક પલટાને કારણે મિની વાવાઝોડા જેવી સ્થિતિ સર્જાઈ હતી. ઊના અને ગીર ગઢડા તાલુકાના અનેક વિસ્તારોમાં ભારે પવન સાથે વરસાદી આફત ત્રાટકી હતી. ધોધમાર અને સામાન્ય વરસાદના કારણે ખેતીના તૈયાર પાકને વ્યાપક નુકસાન થવાની સંભાવના છે.

સાબરકાંઠા જિલ્લાના પોશીના તાલુકાના લાંબડીયા, દેલવાડા, છોછર સહિતના વિસ્તારોમાં ધોધમાર વરસાદ વરસ્યો હતો. આ ઉપરાંત ખેડબ્રહ્મા તાલુકાના આંગીયા, મટોડા તેમજ વડાલી તાલુકાના જૂના મેધ સહિતના વિસ્તારોમાં પણ વરસાદ વરસતા રસ્તા ઉપર પાણી ફરી વળ્યાં હતા.

સાબરકાંઠા જિલ્લામાં લગ્નની સીઝન ચાલી રહી છે ત્યારે હવામાનમાં આવેલા ફેરફારના કારણે લગ્નના આયોજકો મુશ્કેલીમાં મુકાઈ ગયા હતા. ભારે પવન સાથે વરસાદ તૂટી પડતાં મંડપ પણ ધરાશાયી થઈ ગયા હોવાની ઘટનાઓ જોવા મળી હતી.

ચરોતરના ઠાસરા તાલુકામાં બપોર બાદ આગરવા અને તેની આસપાસના સીમ વિસ્તારોમાં પવન સાથે વરસાદ તૂટી પડ્યો હતો. આ કમોસમી વરસાદને કારણે માર્ગો પર પાણી ફરી વળ્યા હતા અને વાતાવરણમાં ઠંડક પ્રસરી હતી, હાલમાં ખેતરોમાં બાજરી, જુવાર અને ઉનાળુ ડાંગર જેવા પાકો તૈયાર થવાની અવસ્થામાં છે અથવા તો કાપણીની પ્રક્રિયા ચાલી રહી છે. તેવામાં અચાનક પડેલા વરસાદના કારણે



બાજરી અને જુવારનો તૈયાર પાક પલળી જવાથી તેની ગુણવત્તા બગડવાની તેમજ પાક નિષ્ફળ જવાની શક્યતા વધી ગઈ છે. ખેડૂતોના જણાવ્યા અનુસાર, તૈયાર પાક પર વરસાદી પાણી પડવાથી દાણા કાળા પડી શકે છે અને ચારાની ગુણવત્તા પણ ઘટી શકે છે. જો વરસાદી માહોલ લાંબો સમય ચાલુ રહેશે તો ખેતીના ખર્ચ સામે મોટું આર્થિક નુકસાન વેઠવાનો વારો આવશે.

ગીર ગઢડા તાલુકાના હરમડીયા, પૂછવી, એભલવડ, ધોકડવા અને બેડીયા સહિતના ગ્રામ્ય વિસ્તારોમાં કમોસમી વરસાદ નોંધાયો છે. ભારે પવન સાથે આવેલા આ વરસાદને કારણે આ પંથકમાં પ્રખ્યાત કેસર કેરી પકવતા ખેડૂતોને પાક નિષ્ફળ જવાની ચિંતા સતાવી રહી છે. આંબા પરથી કેરીઓ ખરી પડવાની ભીતિને કારણે બાગાયતી ખેતી કરતા ખેડૂતો ભારે મુશ્કેલીમાં મુકાયા છે.

આ ઉપરાંત ઊના તાલુકાના ઉમેજ, પાતાપુર અને ભાચા સહિતના ગામોમાં પણ કમોસમી વરસાદ વરસ્યો. ખેતરમાં તૈયાર થયેલા અન્ય પાકને બચાવવા માટે ખેડૂતોમાં દોડધામ મચી ગઈ. ભારે પવનની ગતિ એટલી તીવ્ર હતી કે કંસારી રોડ પર એક વિશાળ વૃક્ષ ધરાશાયી થઈ ગયું. જેને કારણે વાહનવ્યવહાર સંપૂર્ણપણે થંભી ગયો. હાલમાં આ પંથકના જગતના તાતના જીવ તાળવે ચોંટ્યા છે.

Volume : 12 Issue : 20 Owner, Publishers, Printer & Editor : Prakashbhai R. Chaudhary, At: 5, Sarsavati Society, Nagalpur Highway Road, Mehsana- (N.G) 384002
Place Of Publication : 9, Ambica Complex, S.T. Work Shop Road Near Bhamriya Nala, District Mehsana • Printed at : GARVI TAKAT OFFSET-5, Ambika Complex, T.B. Road, Mehsana- 384002